# -: પ્રેસ નોટ :-

તા.૨૦/૬/૨૦૨૩ ના રોજ અમદાવાદ શહેરમાં ૧૪૬ મી રથયાત્રા નિકળનાર છે. રથયાત્રાને જોવા માટે વિશાળ સંખ્યામાં માનવમેદની રથયાત્રાના રુટ (માર્ગ) ઉપર ઉપસ્થિત રહેતી હોય છે. જેથી રથયાત્રા પસાર થાય ત્યારે રોજિંદો ટ્રાફિક રથયાત્રાના રુટ સિવાય અન્ય રુટ ઉપરથી સરળતાથી અવર-જવર કરી શકે તે માટે આ દિવસે નીચે મુજબના વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

**રથયાત્રાનો માર્ગ :-**

1. જમાલપુર દરવાજા બહારથી જગન્નાથ મંદિરથી સવારે રથયાત્રા નીકળી જમાલપુર ચકલા, વૈશ્યસભા, ગોળલીમડા, આસ્ટોડીયા ચકલા, મદનગોપાળની હવેલી, રાયપુર ચકલા, ખાડીયા જુની ગેટ, ખાડીયા ચાર રસ્તા, પાંચકુવા, કાલુપુર સર્કલ, કાલુપુર બ્રીજ થઈ સરસપુર જશે.
2. બપોરે સરસપુર વિશ્રામ કર્યા બાદ રથયાત્રા સરસપુર થી નીકળી કાલુપુર બ્રીજ, કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, બેચર લશ્કરની હવેલી, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચોકી, ઓતમપોળ, આર.સી.હાઈસ્કુલ, દિલ્હી ચકલા, ઘીકાંટા રોડ, પાનકોર નાકા, ફૂવારા, ચાંદલાઓળ, સાંકડી શેરીના નાકે થઈ માણેકચોક શાકમાર્કેટ દાણાપીઠ, ગોળલીમડા, ખમાસા, જમાલપુર ચકલા થી શ્રી જગન્નાથ મંદીર રથયાત્રા પરત આવશે.

## -: રથયાત્રાના માર્ગ ઉપર ટ્રાફિકનો વૈકલ્પિક માર્ગ નીચે મુજબ છે :-

| અનં | રૂટ નંબર | પ્રતિબંધિત રૂટ | બંધ રાખવા માટેનો સમય | વૈકલ્પિક માર્ગ/રૂટ |
|---|---|---|---|---|
| ૧ | રૂટ નંબર-૧ | ખમાસા ચાર રસ્તા » જમાલપુર ચાર રસ્તા- જમાલપુર ફૂલ બજાર | કલાક ૨.૦૦ રથયાત્રા પુર્ણ થાય ત્યાં સુધી | **૧.** રાયખડ ચાર રસ્તા » વિકટોરીયા ગાર્ડન » રીવરફ્રન્ટ » ફૂલબજાર » જમાલપુર બ્રીજ » ગીતામંદીર<br>**૨.** રાયખડ ચાર રસ્તા » જમાલપુર ગાયકવાડ હવેલી<br>**3.** આસ્ટોડીયા ચાર રસ્તા » ગીતા મંદીર » જમાલપુર બ્રીજ » સરદાર બ્રીજ » પાલડી |
| ૨ | રૂટ નંબર-૨ | રાયખડ ચાર રસ્તા » આસ્ટોડીયા દરવાજા | કલાક ૫.૦૦ થી કલાક ૧૧.૦૦ સુધી અને કલાક ૧૭.૦૦ થી રથયાત્રા પુર્ણ થાય ત્યાં સુધી. | |
| 3 | રૂટ નંબર-3 | આસ્ટોડીયા ચકલા » કાલુપુર સર્કલ | કલાક ૦૯.૦૦ થી કલાક ૧૬.30 સુધી | |
| ૪ | રૂટ નંબર-૪ | સારંગપુર સર્કલ » કાલુપુર સર્કલ » કાલુપુર બ્રીજ » સરસપુર | કલાક ૯.૦૦ થી કલાક ૧૬.30 સુધી | કામદાર ચાર રસ્તા » અનિલ સ્ટાર્ચ મીલ રોડ » હરીભાઈ ગોદાણી સર્કલ » પોટલીયા ચાર રસ્તા » નિર્મલપુરા ચાર રસ્તા » ચામુંડાબ્રીજ » ચમનપુરા સર્કલ » |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | અસારવા બ્રીજ » ઈદગાહ સર્કલ |
| ૫ | રૂટ નંબર–૫ | કાલુપુર સર્કલ » પ્રેમદરવાજા » દરીયાપુર દરવાજા » દિલ્લી ચકલા | કલાક ૯.૩૦ થી ૧૬.૩૦ સુધી | ઈન્કમટેક્ષ » ગાંધીબ્રીજ » રાહત સર્કલ » દિલ્લી દરવાજા » ઈદગાહ સર્કલ |
| ૬ | રૂટ નંબર–૬ | દિલ્લી ચકલા » શાહપુર દરવાજા » શાહપુર ચકલા » રંગીલા ચોકી » આર.સી.હાઈસ્કુલ » ઘી–કાંટા ચાર રસ્તા » પાનકોર નાંકા » માણેકચોક » ગોળ લીમડા | કલાક ૧૭.૩૦ થી રથયાત્રા ખમાસા પસાર થાય ત્યાં સુધી. | દિલ્લી દરવાજા » શાહપુર ચાર રસ્તા » ભવન્સ કોલેજ રોડ » લેમન ટ્રી » રૂપાલી » વીજળીઘર » લાલ દરવાજા |

**તા.૧૪/૦૬/૨૦૨૩**

**( એન.એન.ચૌધરી )**
અધિક પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર